**પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૨૯/૦૫/૨૦૨૨ થી તા. ૦૪/૦૬/૨૦૨૨ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-**

**(૧) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : 30/૨૦૨૨ તા.૩૧/૦૫/૨૦૨૨ :-**

તા-૩૧/૦૫/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રે.પો.સ્ટે.મા હાજર હતા તે વખતે આર.પી.એફ સ્ટાફ ના વુ.હે.કો. ગીતાબેન સેની નાઓ એક લેખીત મેમો સાથે એક બાળકીને રજુ કરતા વુ.એ.એસ.આઇ. મનીષાબેને સદર બાળકીનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ જ્યોતિ ડો/ઓ રમેશ જતે પટેલ ઉ. વ. ૧૮ ધંધો અભ્યાસ રહે ઘર નં ૦૬ પારડી વલસાડ મુળ રહે હિંદી જ્યોતિ સ્કુલનસની બાજુમાં શારદાપુરમ રીવા થાના સમાન રીવા મધ્યપ્રદેશ મો નં ૭૦૧૬૨૮૫૦૧૯ વાળીએ જણાવેલ કે તા ૩૦/૦૫/૨૨ ના રોજ મારા ભાઇ સાથે ઝગડો થતા હુ મારા ભાઇને જણાવેલ કે મારે ટ્યુશન જવાનુ છે તો તુ મને મુકી જા જેથી મારા ભાઇ મારી સાથે ઝગડો કરતા મને ગુસ્સો આવતા હુ સાંજાના સાડાચાર પાચ વાગે ઘરે કોઇને પણ જાણ કર્યા વગર નિકળી આવેલ હતી બાદ રાત્રી સુધી હુ ઘરે ન પહોચતા મારા ભાઇએ મારી માતાને જાણ કરતા મારી માતા રીવા આવી અમારા સગા-સંબધી મિત્ર વર્તુળમાં તપાસ કરતા હુ નહી મળી આવતા તા ૩૧/૦૫/૨૨ ના રોજ મારી માતાએ હુ ગુમ થયા અંગેની રીવા જીલ્લાના સમાન પો.સ્ટે.મા પાર્ટ-એ ગુ.ર.નં ૨૦૯/૨૦૨૨ તા ૩૧/૦૫/૨૨ ના ફરીયાદ દાખલ કરવેલ હતી જે બાબતેની જાણ મારી માતાએ મારા મામાને કહેતા મારા મામા તથા મારા પપ્પા વાપીથી સુરત રેલ્વે સ્ટેશન મને શોધવા સારૂ આવેલ હતા જ્યા રીવા રાજકોટ એક્સ ટ્રેનમાંથી હુ સુરત રેલ્વે સ્ટેશન ઉતરીને વાપી જવા સારૂ હુ બસ સ્ટેશન ઉપર જતી હતી તે વખતે મારા મામા જોઇ જતા તેઓએ મને બોલાવી હાજર આર.પી.એફ સ્ટાફને વાત કરતા વુ.હે.કો.એ સદર બાળકીને સુરત રે.પો.સ્ટે.મા લઇ આવતા જે બાબતનુ તેઓનુ વિગતવારનુ નિવેદન મેળવી સદર બાળકીનો કબજો તેના પિતાને રૂબરૂમા સોપવામાં આવેલ છે.

**(૨) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૧/૨૦૨૨ તા.૦૪/૦૬/૨૦૨૨ :-**

તા-૦૪/૦૬/૨૦૨૨ ના વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રે.પો.સ્ટે.મા હાજર હતા તે વખતે નાઇટ ડીસ્ટાફ ના પો. હેડ કોન્સ દિનેશભાઇ જસાભાઇ નાઓએ મોને ફોન કરી જણાવેલ કે સવારના ચારેક વાગે કોટા પોલીસે ટેલીફોનથી જણાવેલ એક બાળક નામે તનિશ સ/ઓ વિનોદ જાતે જૈન ઉ. વ. ૧૮ ધંધો અભ્યાસ રહે આર.કે. પુરમ મકાન નં ૧૧૧૫ –) એ ) કોટા, રાજસ્થન મો નં ૯૫૮૭૫૦૮૯૦૮ જેને ગ્રીન કલરનુ ટી શર્ટ તથા બ્લેક કલરનુ પેન્ટ પહેરેલ હોવાનુ જણાવતા સદર બાળકની જયપુર બાંદ્રા એક્સ ટ્રેન ઉપર જઇ તપાસ કરતા જનરલ કોચમા સદર વર્ણનવાળો છોકરો જોવામા આવતા તેને કોચમાંથી નીચે ઉતારી સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી રજુ કરતા વુ.એ.એસ.આઇ. મનીષાબેને છોકરાની પુછપરછ કરતા તેઓ જણાવે છે કે આજથી દોઢેક વર્ષ પહેલા મારી સાથે ભણતી છોકરી નામે સુહાની સાથે પ્રેમ સંબધ બંધાયેલ હતો અને ત્યાર બાદ અમો અવાર નવાર વાતો ચીતો કરતા હતા ફોન ઉપર પણ વાતચીત કરતા મારો મિત્ર નામે મનિષ મીણા નાઓએ અમારા ફોટા પડેલ હતા ત્યાર બાદ સુહાની જયપુર ખાતે ભણવા જતી રહેલ હતી અને તેઓ સાથે મારે કોઇ સંપર્ક થતો ન હતો અને તા ૦૨/૦૬/૨૦૨૨ ના રોજ હુ કોલેજ માથી ઘરે જતો હતો તે વખતે તે મને મળેલ હતો અને મને ધમકી આપતો હતો કે તારા અને સુહાનીના ફોટા મારી પાસે છે અને તે ફોટા હુ સોશ્યલ મીડીયા ઉપર વાયરલ કરી દઇશ અને તને બદનામ કરીશ અને જો તારે તેમ ન કરવુ હોય તો તુ મને ત્રીસ હજાર રૂપીયા આપી દે અને પૈસા નહી આપે તો હુ તારૂ મર્ડર કરી નાખીશ તેવી ધમકી આપતો હોય જેથી તેઓની બીકથી હુ મારા ઘરે થી કોઇ ને પણ જાણ કર્યા વગર નિકળી આવેલ હતો જે બાબતની મારા માતા-પિતાએ આર.કે પુરમ પોલીસ સ્ટેશન માં મીસીગ કમ્પલેન લખાવેલ છે મારા કાકા નામે અનિલ જૈન તથા આર.કે. પુરમ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ. ઘનશ્યામ બ.નં. ૨૧૧ નાઓ સુરત રે.પો.સ્ટે.મા લેવા આવતા આર.કે. પુરમ પોલીસ સ્ટેશનના મીસીગના કેસ કાગળો તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર બાળકનો કબ્જો તેના વાલીવારસો તથા આર.કે. પુરમ પોલીસને રૂબરૂમા સોપવામાં આવેલ છે

)૩( **સુરત રે.પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.નં. ૧૧૨૧૨૦૫૧૨ ૨૦૫૪૮/૨૨ NDPS Act, કલમ ૮(સી), ૨૦ (બી-ii), (C) મુજબ તા. 03/0૬/૨૦૨૨ :-**

સુરત રે.પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.નં. ૧૧૨૧૨૦૫૧૨ ૨૦૫૪૮/૨૨ NDPS Act, કલમ ૮(સી), ૨૦ (બી-ii), (C) મુજબનો ગુનો તા. 03/0૬/૨૨ ના કલાક ૦૨/૩૨ વાગે બારડોલી રે.સ્ટે. પસાર થતી વખતે ટ્રેન નં. ૨૦૮૬૧ પુરી-અમદાવાદ એક્સ ટ્રેનના કોચ નં. એસ/૬ તથા એસ/૭ ના વચ્ચે આવેલ કોરીડોરમા રનીંગ ટ્રેનમાં બનવા પામેલ છે આ કામે કોઇ અજાણ્યા ઇસમે પોતાના આર્થિક લાભ માટે પરપ્રાંતમાંથી ગે.કા. રીતે ૨૩.૨૪૪ કિલોગ્રામ ગાંજો કિંમત રૂા. ૨,૩૨,૪૦૦/-, એક ટ્રોલી બેગ, કિં.રૂા. ૨૦૦/-, બે બેગ પેક કિં.રૂા. ૧૦૦/-, પેકીંગ મટીરીયલ કિં.રૂા. ૦૦/૦૦ મળી કુલ કિંમત રૂા. ૨,૩૨,૭૪૦/- નો ગાંજાનો જથ્થો રેલ્વે ટ્રેન મારફતે આયાત કરી પોલીસમાં પકડાઇ જવાના ડરે ગાંજાનો જથ્થો બિનવારસી હાલતમાં છોડી નાસી જતા તા.03/0૬/૨૨ ના ક.૧૪/૪૫ વાગે ઉપરોકત નંબર, કલમથી ગુનો રજીસ્ટર કરવામા આવેલ છે.

)૪( **સુરત રે.પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.નં. ૧૧૨૧૨૦૫૧૨ ૨૦૫૫૦/૨૨ NDPS Act, કલમ ૮(સી), ૨૦ (બી-ii), (C), ૨૯ મુજબ તા. 03/0૬/૨૦૨૨ :-**

સુરત રે.પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.નં. ૧૧૨૧૨૦૫૧૨ ૨૦૫૫૦/૨૨ NDPS Act, કલમ ૮(સી), ૨૦ (બી-ii), (C), ૨૯ મુજબનો ગુનો તા. 03/0૬/૨૨ ના કલાક ૧૦/૩૩ વાગે વ્યારા રે.સ્ટે. પસાર થતી વખતે ટ્રેન નં. ૧૨૮૩૪ હાવડા-અમદાવાદ એક્સ ટ્રેનના કોચ નં. એસ/૨ સીટ નં. ૩૦ ઉપરથી રનીંગ ટ્રેનમા બનવા પામેલ છે આ કામે બે આરોપીઓએ પોતાના આર્થિક લાભ માટે પરપ્રાંતમાંથી ગે.કા. રીતે ૩૪.૨૪૦ કિલોગ્રામ ગાંજો કિંમત રૂા. ૩,૪૨,૪૦૦/-, બે ટ્રોલી બેગ કિં.રૂા. ૨૦૦/-, એક સોલ્ડર થેલો કિં.રૌ. ૫૦/-, મો.ફોન નંગ-૨ કિં.રૂા. ૨૦,૦૦૦/-, રોકડા રૂો ૧૭,૨૦૦/-, બે આધાર કાર્ડની નકલ, ATM કાર્ડ, સ્માર્ટ ઘડીયાળ કિં.રૂા. ૧૦૦/-, રેલ્વેની ટીકીટ કિં.રૂા. ૦૦/૦૦ મળી કુલ કિંમત રૂા. ૩,૭૯,૯૫૦/- નો ગાંજાનો જથ્થો રેલ્વે ટ્રેન મારફતે આયાત કરી લઇ જતા તા.03/0૬/૨૨ ના ક.૨૦/૨૦ વાગે ઉપરોકત નંબર, કલમથી ગુનો રજીસ્ટર કરવામા આવેલ છે.

**"પો.અધિ.શ્રીના આદેશથી "**

Sd/-
(એસ.ડી. ભટ્ટ)
રીડર પો.સબ ઇન્સ.
પોલીસ અધિક્ષકની કચેરી
પશ્ચિમ રેલ્વે, વડોદરા